કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ત્રીજો માળ,
પુનિત વન સામે, સેકટર-૧૯,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
E-mail : jamin.bandhakam.cos@gmail.com

સત્યમેવ જયતે

ક્રમાંક: COS/FIRE-NOC/૨૦૨૪/૨૪૮-૩૨૭ તા.-૨૪/૦૭/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
શાસનાધિકારીશ્રી,
તમામ.

વિષય:- રાજયની શાળામાં ફાયર એન.ઓ.સી. તથા ફાયર સેફટીના ધોરણોની અમલવારી કરવા બાબત
સંદર્ભ:- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:-મશબ/૧૦૨૪/૧૪૧/છ, તા.૨૪/૦૭/૨૦૨૪

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ફાયર એન.ઓ.સી. ધરાવતી ન હોય તેવી શાળાઓએ દિન-30માં Fire NOC મેળવી લેવા અંગે આપના નિયંત્રણ હેઠળની શાળાઓને આપની કક્ષાએથી સૂચના આપવાની રહેશે.વધુમાં, આવી શાળાઓ ખાતે આ સમયગાળા દરમ્યાન સ્થાનિક શાળાકીય પરિસ્થિતિને ધ્યાનમાં લઇ નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં લઈને શૈક્ષણિક કાર્ય થાય તે માટે આપના નિયંત્રણ હેઠળના શાળાઓને તથા નિરીક્ષણ હેઠળના અધિકારીઓને સૂચનાઓ આપવા વિનંતી છે.

માર્ગદર્શક સૂચનાઓ :-

1. બે કે તેથી વધારે માળ ધરાવતી શાળાઓએ ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવો.
2. જે શાળામાં વિધાર્થી સંખ્યા વધારે હોઇ તે શાળામાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીને જાણ કરી પાળી પધ્ધતિ ચલાવવી.
3. જે શાળાઓમાં અદ્યતન રીતે ઓનલાઇન શિક્ષણ આપવા માટે સુવિધા ઉપલબ્ધ હોઇ તે શાળાઓ ઓનલાઇન શિક્ષણ આપી શકશે.
4. જે શાળાનો ફ્લોર એરીયા ૫૦૦ ચો.મી.થી વધુ હોય તેવી શાળાઓએ શક્ય હોય ત્યા સુધી ૫૦૦ ચો.મી.થી ઓછા ફ્લોર એરીયાનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવો.
5. શાળા સમય દરમ્યાન આગ લાગી શકે કે પ્રસરી શકે તેવા કોઇપણ પ્રકારના જ્વલનશીલ પદાર્થો/વસ્તુઓ રાખી શકાશે નહી અને તેવી કોઇ પ્રવૃતિ કરી શકાશે નહીં.
6. શાળાના પરિસરમાં આવેલ પેન્ટ્રી/રસોઇઘર/કેન્ટીનનો આ સમયગાળા દરમ્યાન ઉપયોગ ન કરવો.
7. ઇલેક્ટ્રીસીટીના મંજૂર થયેલા લોડ(કેપેસીટી) મુજબ જ ઇલેક્ટ્રીક સાધનોનો ઉપયોગ કરવો તેમજ વધુ પડતા અને વધુ વિજ વપરાશ કરતા સાધનોનો ઉપયોગ ટાળવો.

8. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય દરમ્યાન પુરતો હવા ઉજાસ જળવાય રહે, બારી બારણા ખુલ્લા રહે તેની તકેદારી રાખવી.

9. આવી શાળાઓમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના પરામર્શમાં રહી શાળાઓમાં મોક ડ્રીલ/તાલીમનું આયોજન કરવું.

10. આ સમયગાળા દરમ્યાન શાળાઓએ અગ્નિશમન માટે તાત્કાલિક ધોરણે પૂરતા પ્રમાણમાં રેતી ભરેલી ડોલ અને પાણી તેમજ અન્ય આનુષાંગિક વ્યવસ્થા તૈયાર રાખવી.

11. શાળાઓએ ફયર સેફ્ટી પ્લાન સરળ ભાષામાં તૈયાર કરી અને યોગ્ય જગ્યાએ પ્રદર્શિત કરવો.

12. રાજ્યની અગ્નિ નિવારણ સેવાઓની કચેરી તેમજ તેની ક્ષેત્રિય કચેરીઓના સંપર્ક/સંકલનમાં રહી જરૂરી માર્ગદર્શન મેળવી તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આકસ્મિક સંજોગોમાં નજીકની અગ્નિ નિવારણ સેવાઓની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી મદદ મેળવવાની રહેશે.

13. આ સમયગાળા દરમ્યાન શાળામાં કોઇ અનિચ્છનીય બનાવ/ઘટના બનશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

ઉક્ત સુચનાઓનું આવી તમામ શાળાઓએ આ સમયગાળા દરમ્યાન પાલન કરવાનું રહેશે અને સમય મર્યાદામાં ફાયર એન.ઓ.સી.ની મંજૂરી અને ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા કરવાની રહેશે અન્યથા શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીઓએ આવી શાળાઓનું સમયાંતરે નિરીક્ષણ થાય, માર્ગદર્શન અપાય તેમજ સમય મર્યાદામાં એન.ઓ.સી મેળવવાની તેમજ ફાયર સુવિધાના સાધનોની કામગીરી સમયમર્યાદામાં પુરી થાય તે રીતે આયોજન કરવાનું રહેશે. વધુમાં ફાયર એન.ઓ.સી. માટે અરજી કરવામાં બાકી રહેતી શાળાઓ દ્વારા દિન-૧૦માં અરજી થઇ જાય તે સંબંધિત તમામ નિયંત્રણ અધિકારીએ સુનિશ્ચિત કરવાનું રહેશે, તેમજ તે અંગેની માહિતી સંબંધિત વડી કચેરીને તા.૦૫/૦૮/૨૦૨૪ પહેલા મોકલી આપવાની રહેશે. ફાયર એન.ઓ.સી. માટે અરજી થયા બાદ દિન-૩૦માં શાળાઓ ફાયર એન.ઓ.સી.મેળવી લે તેનું પણ અઠવાડિક સઘન મોનીટરીંગ સબંધિત નિયંત્રણ અધિકારીએ કરવાનું રહેશે.

વધુમાં, સદર બાબતે વડી કચેરીઓ દ્વારા દસ-દસ દિવસે તબક્કાવાર સમીક્ષા કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| સંયુક્ત શિક્ષણ નિયામક<br>પ્રાથમિક શિક્ષણ<br>ગાંધીનગર | સચિવ<br>ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ<br>બોર્ડ, ગાંધીનગર | સંયુક્ત શિક્ષણ નિયામક<br>નિયામક શાળાઓની કચેરી,<br>ગાંધીનગર |

નકલ રવાના::

- નાયબ સચિવશ્રી (માધ્યમિક), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.